સરકારી વિનયન કોલેજનો થનગનાટ કાર્યક્રમની રંગેચંગે ઉજવણી કરાઈ

કોલેજમાં અભ્યાસ કરતા ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ૩૨ કૃતિઓ રજુ કરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજનો વાર્ષિકોત્સવ થનગનાટ કાર્યક્રમ આજરોજ ટાઉનહોલ ખાતે રંગેચંગે યોજાયો હતો. જેમાં કોલેજમાં અભ્યાસ કરતા ૧૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વાર્ષિકોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈને વિવિધ ૩૨ કૃતિઓ રજુ કરી હતી. જેમાં એક વિદ્યાર્થીએ માઈમ દ્વારા આત્મહત્યા ન કરવી જોઈએ તેની સુંદર રજુઆત કરી હતી. જયારે યુવાવર્ગમાં સૌથી વધુ જોવા મળતા દુષણ સમાન વ્યસન વિષય પર પણ સુંદર નાટક રજુ કરાયું હતું. આ પ્રસંગે કોલજના વિદ્યાર્થીઓએ તાળીઓના ગળગળાટથી ટાઉનહોલ ગુંજવી મુક્યો હતો.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે બપોરના સુમારે સેકટર-૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજનો વાર્ષિકોત્સવ થનગનાટ કાર્યક્રમ ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે કૃષ્ણકાંત જહા, કોલેજના આચાર્ય ડો. કે.કે. વૈષ્ણવ અને સાંસ્કૃતિક સમિતીના ચેરમેન ડો.મમતા બુચ સહિત પ્રતિનિધી મંડળના ચેરમેન પ્રો.આર.એચ.ભટ્ટે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. કોલેજ પરિવાર દ્વારા મહેમાનું સ્વાગત બુકે આપી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ પ્રેરણાદાયી જીવન ઉપયોગી વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ એક કે બાદ એક સુંદર પ્રસ્તુતી રજુ કરી હતી. જેમાં ગણેશ સ્તુતી, પંજાબી નૃત્ય,માઈમ, ગુજરાતી નાટક, રાજસ્થાની ડાન્સ, ટે-કવોન-ડો, ફેશન શો,દેશભકિત ગીત, ગુજરાતી ફોક સોંગ, તેમજ હિન્દી ફિલ્મના ગીતો અને ડાન્સ રજુ કરતા વિદ્યાર્થીઓએ તાળીઓથી વધાવી લીધા હતા. જયારે અત્યારે હાલ પ્રચલિત ગુજરાતી ગીત ચાર ચાર બંગડીવાળી ગાડી લઈ દઉં પર વિદ્યાર્થીઓ નાચતા નજરે પડ્યા હતા. જયારે મેરે ખ્વાબો મે જો આયે, આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચે હે જબાન પર ગીતો સુંદર રીતે વિદ્યાર્થીઓએ રજુ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. માધવી ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

સે-૨૪ના પીળા પટ્ટા વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી લાઈટો ડુલ

સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જતા નાગરિકોમાં ભયની લાગણી

ગાંધીનગર તા ૨૧

શહેરના સે-૨૪ ના પીળા પટ્ટામાં છેલ્લા ચાર દિવસથી અંધાપપટ્ટ છવાયેલો છે. સેકટરના આ વિસ્તારમાં મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. આ મામલે તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. જયારે અંધારપટ્ટ વચ્ચે સ્થાનિક મહીલાઓમાં ભયની લાગણી વ્યાપી છે. સ્થાનિક રહીશોને તસ્કરી વૃતિનો ભય પણ સતાવે છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેવાની ફરિયાદોનો હજુ પણ અંત આવ્યો નથી. નગરના સેકટરોમાં એલ ઈ ડી લાઈટોનુ ફીટીંગ કરવામાં આવ્યુ છે. જેના પરિણામે મુખ્ય માર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં એલ ઈ ડી લાઈટનુ સફેદ અજવાળુ પથરાયુ છે. પરંતુ એલ ઈ ડી લાઈટ ઘણાં ઠેકાણે બંધ રહેતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. લાઈટની જાળવણીના મુદ્દે હવે એજન્સી બદલાતા તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટની ફરિયાદો સંદર્ભે નાગરિકોને હેલ્પાલાઈન નંબર પણ જારી કરવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ હાલની સ્થિતિએ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાની અનેક ફરિયાદો કાને અથડાય છે. શહેરના સે-૨૪ માં દાયકાઓના અંતે સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ થઈ છે. સેકટરમાં સ્થિત પીળા પટ્ટા વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી લાઈટો ડુલ રહેતા અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. જેના પરિણામે સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. આવા સંજોગોમાં મહીલાઓ અને સનિયર સિટીઝન્સમાં ભયની લાગણી વ્યાપી છે. જયારે સ્થાનિક નાગરિકોને તસ્કરી વૃતિનો ભય પણ સતાવે છે. સેકટરમાં ત્વરિત અસરથી આ વિસ્તારમાં લાઈટ જળહળતી થાય તેવી વ્યવસ્થા કરવા માટે સ્થાનિક નાગરિકોએ રજુઆત કરી છે.

આઈ.ટી.આઈ. ખાતે સોલાર તેમજ વિન્ડ પાવરને લગતા અભ્યાસક્રમો શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૧

શ્રમ અને રોજગાર તથા ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે આજરોજ ટ્રેઈન ધ ટ્રેનર્સ કાર્યક્રમનું આયોજન પી.ડી.પી.યુ. કોલેજ, રાયસણ ખાતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ થકી રાજયના ૪૫ જેટલા સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરોને યુ.એસ.એની અલામો કોલેજના નિષ્ણાત ફેકલ્ટી દ્વારા જીઈઆર એમઆઈ ખાતે સોલાર એન્ડ વિન્ડ એનર્જીની તાલીમ આપવામાં આવશે. આ કાર્યક્રમને શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર અને કૃષિ તથા ઉર્જા મંત્રી ચીમનભાઈ સાપરિયાના હસ્તે દીપ પ્રાગટય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, પરંપરાગત ઉર્જાને કારણે પર્યાવરણને થતાં નુકસાન અને પ્રદૂષણને કારણે ગ્રીન એનર્જીનું મહત્વ ખૂબ જ વધતુ જાય છે. જેને કારણે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રેનો ખૂબ જ ઝડપી વિકાસ થઈ રહ્યો છે. કેન્દ્ર-રાજય સરકાર દ્વારા આ ક્ષેત્રેના વિકાસને પ્રોત્સાહન આપવામાં આવતાં વર્ષ- ૨૦૩૦ સુધીમાં ૯૦૦ ગીગાવોટ પાવર રિન્યુઅલ એનર્જી સ્ત્રોત્રથી મેળવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેના કારણે આ ક્ષેત્રેનો ખૂબ જ ઝડપથી વિકાસ થનાર છે. આ ક્ષેત્રેમાં સ્કીલ ધરાવતા યુવાનોની અછત હોવાથી સરકાર દ્વારા રાજયના યુવાનોને રોજગારની તકો ઉભી કરી આપવાના ઉમદા આશયથી રાજયની આઈ.ટી.આઈ ખાતે સોલાર તેમજ વિન્ડ પાવરને લગતા અભ્યાસક્રમો શરૂ કરવાનું પણ સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ કાર્યક્રમમાં તાલીમ લેનાર ઈન્સ્ટ્રકટરો ટ્રેનર્સ માસ્ટર ફેકલ્ટી તરીકે અન્ય ટ્રેઈનર્સને પણ તાલીમબદ્ધ કરશે.

આ ટ્રેઈન ધ ટ્રેઈનર્સ કાર્યક્રમનું આયોજન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૭માં અલામો કોલેજ, ટેક્સાસ, યુ.એસ.એ તથા નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર વચ્ચે થયેલ રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે એમ.ઓ.યુ અર્તગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે રોજગાર અને તાલીમ નિયામક ડી.કે. પારેખે મહાનુભાવોનું સ્વાગત કરીને સાંપ્રત સમયમાં સોલાર અને વિન્ડ એનર્જીની માંગમાં ઉત્તરોત્તર થતા જતા વધારાને કારણે આ સેકટરમાં કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા માટે તાલીમી કાર્યક્રમની જરૂરિયાત વિશેની વિસ્તૃત વાત કરી હતી.

બજેટ નવા પ્રાણ ફૂંકશે.....

(આઠમા પાનાનું અનુ.)

લોન, ખેતપેદાશોના સક્ષમ ટેકાના ભાવ મળે તેમજ સંગ્રહ માટે કોલ્ડસ્ટોરેજ અને ગોડાઉન પણ શરૂ કરવાના છીએ. મુખ્યમંત્રીએ યુવાશક્તિના વિકાસ માટે આ બજેટમાં જે અનેકવિધ યોજનાઓ જાહેર કરી છે તેને આવકારતા કહ્યું કે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં ઈજનેરી, મેડીકલ, પેરામેડીકલ તથા નર્સિંગ વગેરેમાં વિદ્યાર્થીઓને ૫૦ ટકા ફીમાં રાહત અને વિદ્યાર્થીનીઓની મેડીકલ એજ્યુકેશનની ફી ૧૦૦ ટકા સરકાર ચુકવવાની છે. વૈશ્વિક જ્ઞાન સાથે સ્પર્ધા કરી વિદ્યાર્થીઓ કૌશલ્યવાન બને તે માટે આ વર્ષે ધોરણ-૧૨ ની બોર્ડની પરિક્ષામાં ઉત્તિર્ણ થનારા અને કોલેજો અને પોલિટેકનીકમાં પ્રવેશ મેળવનારા અંદાજે સાડા ત્રણ લાખ યુવા વિદ્યાર્થીઓને ફક્ત ૧ હજારના ટોકન કિંમતે ટેબ્લેટ અપાશે.

પાણીનો કકળાટ..... (આઠમા પાનાનું અનુ.)

જયારે બીજીતરફ નવા સેકટરોમાં પાણીનો કકળાટ પણ મુખ્ય બન્યો છે. છેલ્લા કેટલાક સમયથી શહેરના નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. રોજ સવાર પડતા પાણી કકળાટનો મુદ્દો બને છે. રહીશોને ફોર્સથી પાણી ન મળતા રોજબરોજ હેરાનગતિ વેઠવાનો વારો આવે છે. આજે નવા સેકટરોમાં પાણીના મામલે બેડાયુધ્ધ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ખાસ કરીને સે-૨ બી માં પાણી પુરતા ફોર્સથી ન આવતા મહીલાઓએ હોબાળા મચાવી સ્થાનિક નગર સેવકને રજુઆત કરી હતી. જયારે પાણીના પ્રશ્નનુ ત્વરિત નિરાકરણ નહીં આવે તો આંદોલનની રાહે લડત અપાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. શહેરમાં વર્ષો અગાઉ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી હતી. જયારે નવા સેકટરોમાં પાણી ફોર્સથી પાણી મળી રહે તે માટે સે-૫ માં પાણીની નવીન ટાંકીનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે સમગ્ર શહેરમાં પાણીના સપ્લાયનો સમય પણ કોમન કરી દેવાયો હતો. જો કે સેકટરોમાં પાણીની સમસ્યા ઘણાં સમય બાદ ઉઠવા પામી છે. પરંતુ નવા સેકટરોમાં છેલ્લા બે મહીનાથી પાણીની છાશવારે બુમ ઉઠવા પામે છે. પાણી ફોર્સથી ન આવતા સેકટરોમાં રહીશો હોબાળો મચાવે છે. આ અંગે અગાઉ પણ સ્થાનિક નાગરિકો દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. શિયાળાની વિદાય બાદ હાલ ગરમીના દિવસો શરૂ થઈ ગયા છે . ત્યારે સેકટરોમાં પાણીનો વપરાશ આમ પણ વધ્યો છે. ત્યારે સપ્લાય પણ વધારવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આ પણ વાંચીએ...

અહીં થઈ રહ્યો છે બકરીઓનો સ્વયંવર

તમે સીતાના સ્વયંવર વિશે સાંભળ્યુ હશે. રાજા-મહારાજાઓના સ્વયંવર વિશે વાંચ્યું હશે, પરંતુ બકરીઓનો સ્વયંવર વાંચીને ચોંકી જવાય. ઉત્તરાખંડના પંતવાડી ગામની પાંચ બકરીઓ પોતાના જીવનસાથીની પસંદગી જાતે જ કરી શકશે. આ સ્વયંવર માટે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં નિમંત્રણ મોકલવામાં આવ્યુ છે. ઉંચી જાતની આ બકરીઓનું સ્વયંવર કરવાનો નિર્ણય 'ગ્રીન પ્યુપીલ સંસ્થા' દ્વારા ગ્રામિણ ક્ષેત્રોમાં પશુઓની જાત સુધારવા માટે કરવામાં આવ્યો છે. પશુપાલન વિભાગના અધિકારીઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને પ્રોત્સાહન આપશે.

માત્ર બે રૂપિયામાં મળે છે રોટી બજારમાં રોટલી

ભોજન બનાવતી વખતે જો કોઈ વાતનો સૌથી વધુ કંટાળો આવતો હોય તો તે છે રોટલી બનાવવાનો. અમદાવાદના જમાલપુર વિસ્તારમાં આવેલા રોટી બજારમાં માત્ર બે રૂપિયામાં રોટલી મળતી હોવાથી આસપાસની ગૃહિણીઓ, ખાસ કરીને વર્કીંગ વુમન અહીંથી તૈયાર રોટલીઓ ખરીદી લે છે. છુટક રોટલીઓની સાથે જ અહીં લગ્ન સમારંભો અને અન્ય નાની મોટી પાર્ટીઓ માટે બલ્કમાં રોટલીઓનો ઓર્ડર લેવામાં આવે છે. હોટલો અને કેન્ટિનવાળાઓ પણ અહીંથી રોટલીઓ ખરીદી લે છે. સમગ્ર બજારમાં રોજની ઓછામાં ઓછી ૪૦૦૦ રોટીઓ બને છે. જયારે તહેવારોમાં આ આંકડો બમણો થઈ જાય છે.

સીરસામાં થઈ હેલીકોપ્ટરમાં કન્યા વિદાય

હરીયાણાના સીરસાની સુનૈનાના તમામ સ્વપ્ર લગ્ન સમયે પુર્ણ થયા. સુનૈનાના પતિ કમલે તેને સરપ્રાઈઝ આપવા કન્યા વિદાય હેલીકોપ્ટરમાં થાય તેવું આયોજન કર્યુ. લગ્નના બીજા દિવસે સુનૈનાના ઘરપાસે એક હેલીકોપ્ટર લેન્ડ થયુ જેમાં બેસી વહુની વિદાય થઈ. કન્યા વિદાય સમયે અહીં લોકોની ભીડ જમા થઈ ગઈ. બાળકોથી લઈને વૃદ્ધો સુધી તમામ આ વહુની અનોખી ડોલીને રવાના કરવા માટે આવી પહોંચ્યા હતા.

શાહી અંદાજમાં હાથીનો જન્મદિવસ મનાવાયો

ગ્વાટેમાલ દેશની રાજધાની ગ્વાટેમાલ સીટીની એક માદા હાથીનો ૫૬મો જન્મ દિવસ શાહી અંદાજમાં મનાવાયો. એક સર્કલમાંથી બચાવાયેલી આ માદા હાથીના જન્મદિને તરબુચ, પપૈયુ, કેળા અને ગાજરથી બનાવાયેલી ખુબ જ સ્વાદિષ્ટ કેક મંગાવવામાં આવી હતી. અહીંના એક પ્રાણી સંગ્રાહલયમાં તેને રાખવામાં આવી છે.

વાવોલ બ્રહ્માકુમારીઝ કેન્દ્ર મહાશિવરાત્રી ઉજવશે

બ્રહ્માકુમારીઝના વાવોલ સેવા કેન્દ્ર પર તા. ૨૩-૨-૧૭, ગુરૂવારના રોજ સવારે ૭ કલાકે શિવ ધ્વજ ગામના સરપંચના વરદહસ્તે લહેરાવવામાં આવશે, ત્યાર બાદ બધા જ ભાઈ-બહેનો પરમાત્માની યાદમાં ગામમાં શિવ જયંતિના નારા લગાવી પદયાત્રા કરશે. તા. ૨૪-૨-૧૭, શુક્રવારના રોજ મહાશિવરાત્રી પર્વ નિમિત્તે વાવોલના સિદ્ધનાથ મહાદેવે બરફના અમરનાથની ઝાંખી રાખવામાં આવેલ છે. સર્વ ગાંધીનગરના તથા આસપાસના ધર્મપ્રેમી જનતાને અમરનાથબાબાના દર્શન કરવા નિમંત્રણ પાઠવવામાં આવ્યુંછે. આ સાથે રાજયોગ પ્રદર્શની અને યોગ કુટીરનું પણ આયોજન કરેલ છે. ઝાંખીનું ઉદ્ઘાટન સવારે ૭ કલાકે મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાના હસ્તે કરાશે. તેમજ રાજયોગ પ્રદર્શનીનું ઉદ્ઘાટન વાવોલ ઉપ સરપંચ ભાવનાબા ગોલ કરશે.

મેઘરજ પી.સી.એન. હાઈસ્કૂલના આચાર્યને જાનથી મારી નાખવાની ધમકી

મેઘરજ, તા. ૨૧

મેઘરજ પી.સી.એન. હાઈસ્કૂલ ઓફિસ પાસે એક ઈસમ જોર જોરથી ફોન ઉપર વાતો કરતા આચાર્યએ વિદ્યાર્થીઓને ડિસ્ટર્પ થતુ હોવાનું જણાવતા એકાએક ઉશ્કેરાઈ જઈ આચાર્યને ફેટ પકડી મા-બેન સામે નઠારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના બનાવે મેઘરજ પોલીસ સ્ટેશને એક આરોપી સામે ફરીયાદ નોંધાવી હતી.

સોમવારે પી.સી.એન. હાઈસ્કૂલમાં ચાલુ ક્લાસ દરમ્યાન ફૈયાજહુસૈન રહીમભાઈ બાકરોલીયા નામનો ઈસમ આચાર્યની ઓફિસ પાસે જોર જોરથી મોબાઈલ ઉપર વાતો કરી રહ્યો હતો જેથી આચાર્ય સંજયભાઈ જોષીએ ફૈયાજહુસૈનને ઠપકો આપતા જણાવ્યુ કે આ તમો આમ જોર જોરથી ફોન ઉપર વાત ના કરો. હાલ વિદ્યાર્થીઓને ક્લાસ ચાલુ હોવાથી તેઓને ડિસ્ટપ થાય છે. તેમ કહેતા ફૈયાજહુસૈને જણાવેલ કે હું એલ.સી. લેવા આવ્યો છુ. જેથી આચાર્ય જાષીએ કહેલ કે તમારૂ નામ ઠામ જણાવી દો એટલે તમને તમારૂ એલ.સી. આપી દઈએ. તેમ કહેતા ફૈયાજહુસૈન એકદમ આચાર્ય જોષી ઉપર ઉશ્કેરાઈ જઈ મા-બેન સામે નઠારી ગાળો બોલી ફેટ પકડી જાનથી મારી નાખવાની ધમકી આપવા લાગેલો જેથી બુમાબુમ થતા શાળાના સ્ટાફમાંથી શિક્ષકો આવી જતા મામલો થાળે પડ્યો હતો. ફૈયાજહુસૈન જતા જતા આચાર્યને જણાવેલ કે તુ બહાર આવ તને જાનથી મારી નાખવાનો છે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા જતો રહેલો. બાદ આચાર્ય જોષી સ્ટાફના શિક્ષકો સાથે મેઘરજ પોલીસ સ્ટેશને જઈ ફૈયાજહુસૈન રહીમભાઈ બાકરોલીયા સામે ફરીયાદ નોંધાવતા પીએસઆઈ બારોટે આરોપી વિરૂદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તલોદમાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી માટે તૈયારી

તલોદ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા પંથકના શિવમંદિરોમાં આગામી શુક્રવારે શિવરાત્રીના મહાપર્વ પ્રસંગે શિવભક્તોની ભારે ભીડ જામશે. શિવાલયો બમ બમ ભોલે...ના નાદથી ગાજી ઉઠશે. તો કેટલાક શિવાલયો ખાતે લોકમેળા ભરાશે. રાત્રી પૂજા અને ભજન-કિર્તન સહિતના ભાંગનો પ્રસાદ પણ શિવભક્તો આરોગશે.

તલોદ તાલુકાના તલોદ-મોડાસા રોડ માર્ગ પર આવેલા પ્રાચિનકાળ વખતના અને સ્વયંભૂ એવા શ્રી બિલેશ્વર મહાદેવ ખાતે પરંપરાગત લોકમેળાનું ચાલુ શાલે ભવ્ય આયોજન થશે. મનભાવન જિર્ણોદ્ધાર અને રોડ માર્ગની સુવિધા અહીં ચાલુ શાલથી ઉપલબ્ધ થતાં પુનઃ પંથકના પરિવારો બોલી ઉઠશે કે ચાલો..બિલેશ્વરના મેળામાં.

તાલુકાના ઊજેડીયા પંથકમાં આવેલા શ્રી વૈજનાથ મહાદેવ ખાતે વજાપુર પંથકના શ્રી મહાકાલેશ્વર મહાદેવ ખાતે, લવારી વરવાડા અને રણાસણ પંથકના ત્રિભેટે આવેલા શ્રી ગોરઠીયા મહાદેવ ખાતે તથા અણિયોડ પંથકમાં આવેલા શ્રી મૂજેશ્વર મહાદેવના શિવાલય પંથક ખાતે પણ પરંપરાગત લોકમેળા ભરાશે. જ્યાં હૈયે હૈયું દબાય તેવી ભીડભાડમાં લોકમેળા થકી ભાતીગળ સંસ્કૃતિના પણ દર્શન થશે. તેમજ તલોદ પંથકના શિવાલયોમાં શિવપૂજા અને અર્ચનનું પણ આયોજન કરવામાં આવેલ છે. શુક્રવારે શિવરાત્રિની રજા બાદ ચોથા શનિવારની રજા અને ત્યાર બાદ રવિવારની રજા આવતી હોઈ શાળા કોલેજોમાં અને નાના-મોટા વેપાર ધંધામાં પણ મિની વેકેશન જેવો માહોલ ઉદ્ભવતો અચૂક જણાશે.

અંદાજપત્ર.... (પહેલા પાનાનું અનુ.)

એકસરખો દર આ વાહનોની વેચાણ કિંમતના ૧૨ ટકા રાખવા દરખાસ્તા કરૂં છું આ દરખાસ્તના પરિણામે જુની લકઝરી મેકસી કેબમાં પણ ઉચ્ચક વેરાનો વિકલ્પ પ્રાપ્ત થશે.

૨ ટનથી વધુ અને ૭.૫ ટન સુધીના અનલેડન વજન ધરાવતા કન્સ્ટ્રકશન ઈકવીપમેન્ટ વ્હીકલ્સ તથા ખેતી સિવાયના હેતુ માટેના ટ્રેકટરો ઉપર અનલેડન વજનના આધારે પ્રતિ વર્ષ રૂ.૨૦૦૦ ઉપરાંત પ્રતિ ટન કે તેના ભાગ માટેરૂ.૪૦૦ ના દરે મોટર વાહન વેરો વસુલ કરવામાં આવે છે. આ વેરો ત્રિમાસિક અથવા વાર્ષિક ધોરણે વસુલવામાં આવે છે. જયારે ૨ ટન સુધીના અનલેડન વજન ધરાવતા આ વાહનો ઉપર તેની વેચાણ કિંમતના ૬ ટકાના દરે ઉચ્ચક મોટર વાહન વેરો વસુલવામાં આવે છે. આમ ૨ ટન સુધીના વાહનો તેમજ ૨ ટનથી ૭.૫ ટન સુધીના વાહનો વચ્ચ વેરાના દરમાં તેમજ ચુકવણીની પધ્ધતિમાં તફાવત છે.

આથી આ વાહનો ઉપરના વેરાના દરમાં તેમજ ચુકવણીની પધ્ધતીમાં રહેલા તફાવતને દુર કરી સરળીકરણ કરવાના હેતુથી આ વાહનો ઉપર ઉચ્ચક વેરાનો દર આ વાહનોની વેચાણ કિંમતના ૩ ટકા રાખવા હું દરખાસ્ત કરૂ છું.

મોટર વાહન વેરાના માળખામાં અને દરમાં ઉપર જણાવેલ સરળીકરણની દરખાસ્તથી ઉપરોકત તમામ કેટેગરીના પ્રતિ વર્ષ નવા નોંધાતા અંદાજિત સરેરાશ પચીસ હજાર જેટલા વાહનોના માલીકો/ પ્રતિનિધિઓને મોટર વાહન વેરો ભરવા માટે ફકત એક જ વાર વાહન વ્યવહાર કચેરીની મુલાકાત લેવી પડશે. તા.૧/૪/૨૦૧૭ના પહેલા નોંધાયેલા જુના વાહનોના માલિકોને પણ ઉચ્ચક વેરાનો વિલ્કપ પ્રાપ્ત થશે અને જો આ વાહનોના માલિકો ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારે તો તેવા અંદાજિત સાડા ત્રણ લાખ વાહનોના માલીકોને પણ મોટર વાહન વેરો ભરવા ફકત એક જ વાર કચેરીની મુલાકાત લેવાની રહેશે.

નવા વાહનો માટે ઉચ્ચકવેરો ફરજિયાત કરવાના કારણે આવા વાહનોમાંથી વાહનના આયુષ્ય દરમ્યાન દર વર્ષે ક્રમશઃ મળતી આવકના બદલે હવે વાહનની નોંધણીના પ્રથમ વર્ષે જ ઉચ્ચક વેરાના દરે એકસાથે આવક પ્રાપ્ત થશે. પરંતુ વાહન માલીકો ઉપર વેરાનું ભારણ વધશે નહી કારણ કે, ઉચ્ચક વેરાનો દર નકકી કરતી વખતે આ કેટેગરીના વાહનોનું સરેરાશ આયુષ્ય તેમજ વાહનો વર્ષમાં બે માસ બિનવપરાશમાં રહેતા હોવાની શકયતાને ધ્યાનમાં લઈને આ વાહનો ઉપરના વેરાના ભારણમાં વધારો ના થાય પરંતુ હાલની આવકો જળવાઈ રહે તે બાબત ધ્યાનમાં લેવામાં આવેલ છે જુના વાહનો માટે જો ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ સ્વીકારવામાં આવે તો જુના વાહનોને તેમની પ્રમાણે વેરામાંથી બાદ આપવામાં આવશે.

ખેત વિષયક ટ્રેકટર ઉપર હાલમાં તેની વેચાણ કિંમતના ૩.૫ (સાડાત્રણ) ટકાના દરે કફત ઉચ્ચક રીતે મોટર વાહન વેરો વસુલવામાં આવે છે. રાજયના ખેડૂતોને રાહત થાય તે હેતુથી ખેત વિષયક ટ્રેકટર પરના મોટર વાહન વેરાના દરમાં ઘટાડો કરી ઉચ્ચક વેરાનો દર ૩ (ત્રણ) ટકા કરવા હું દરખાસ્ત કરૂં છું. ઉચ્ચક વેરાના દરમાં સુચિત ઘટાડાથી ટ્રેકટરની ખરીદી કરનાર ખેડૂતને ટ્રેકટર દીઠ સરેરાશ અંદાજિત રૂ. ૩૦૦૦ જેટલો મોટર વાહન વેરો ઓછો ભરવાનો થશે. રાજયમાં હાલ મોટર વાહન વેરો રોકડેથી, ડીમાન્ડ ડ્રાફ્ટથી કે બેંકના ચલનથી ભરી શકાય છે. આ વેરો ભરવા માટે વાહનના માલિકે અથવા વાહનના કબ્જેદાર કે વાહનના નિયંત્રકે રૂબરૂ જવું પડે છે. રાજયના નાગરિકોને મોટર વાહન વેરો ભરવા રૂબરૂ જવાના બદલે ઘરે/ઓફિસમાં બેઠા મોટર વાહન વેરો ભરવાની સુવિધા પ્રાપ્ત થાય છે તે હેતુથી ઓનલાઈન બેન્કીંગ દ્વારા ઈ-પેમેન્ટ પદ્ધતિથી સાયબર ટ્રેઝરી મારફત રાજયની તિજોરીમાં વરો ભરવાની સુવિધા તા. ૧-૫-૨૦૧૭થી અમલી બનાવવાનું જાહેર કરૂં છું.

ગુજરાત બજેટ ફાળવણી...

● ત્રીજા પાનું ચાલુ

નવી કોર્ટ બાંધકામ	૮૧
પાણી પુરવઠા	૩૦૧૦
પાણી પુરવઠા યોજના	૨૩૪
ચાલુ યોજના પુરી કરવા	૭૭૦
નવી ગુજરાત મેરીટાઈમ બોર્ડ યુનિવર્સિટી	૨૦
૧૬૦૦ નવી બસ માટે	૪૧૦
૨૮ ડેપો નવીનીકરણ	૧૫૦
મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના	૨૫૦૦
કિસાન પથ માટે	૧૯૨
નવ કોરીડોર માટે	૨૪૧
શ્રમ રોજગાર	૧૬૫૦
બાંધકામ શ્રમિકો માટે	૭૦
ઈન્ટેગ્રેડેટ ટ્યુરિસ્ટ સ્કીમ	૨૯૨
કૃષિ અને સહકાર	૬૪૦૦
ઓર્ગેનિક યુનિવર્સિટી ખેતી	૮૨
ખેડૂતોને તારની વાડ	૨૦૦
રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના	૩૬૫
ખેત ઓજાર સહાય	૪૧૮
કૃષિ પેદાશો ખરીદ વેચાણ	૯૨
આરોગ્ય વિભાગ	૮૮૦૦
મા વત્સ્ય યોજના	૫૦૦
સિવિલ અમદાવાદના નવીનીકરણ	૧૨૯
સુપર સ્પેશિયાલિટી સારવાર	૧૦૦

વિધાનસભામાં ગાંધીનગર...

● ત્રીજા પાનું ચાલુ

તાલુકામાં બે ખૂન, ૨૯ ઘરફોડ, બે બળાત્કાર અને ૧૫ અપહરણ થયા હતા જયારે કલોલ તાલુકામાં ૧૩ ખૂન, ૩૮ ઘરફોડ, ૭ બળાત્કાર અને ૫૭ અપહરણના ગુનાઓ બન્યા હોવાનું જવાબમાં જણાવાયું છે.

● બે વર્ષમાં ખનીજ ઉત્ખનન માટે કેટલી લીઝ અપાઈ ?

કલોલ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં બે વર્ષમાં કઈ ખનીજ ઉત્ખનન માટે કેટલી લીઝ આપવામાં આવી અને ગેરકાયદે ખનીજ ઉત્ખનન કરતાં કેટલાને પકડ્યા ? તે અંગે કરેલા સવાલમાં જવાબ મળ્યો હતો કે ગાંધીનગરમાં સાદી રેતીની પાંચ લીઝને મંજુરી અપાઈ છે અને ગ્રેનાઈટની એક પણ લીઝ નથી. વર્ષ ૨૦૧૫માં ૭૯ ઈસમોને ગેરકાયદે ખનન કરતા અને ૨૦૧૬માં ૭૧ને ગેરકાયદે ખનન કરતા પકડી તેમની સામે ગુના નોંધ્યા છે. તે ઉપરાંત તેમના પાસેથી દંડ પેટે રૂ. ૨૨૭.૦૮ લાખ વસુલ કરવામાં આવ્યો છે. અને બાકી રહેતી રકમ રૂ. ૬૬૮.૫૪ લાખ વસુલ કરવા નિયમાનુસારના ન્યાયિક તપાસ અંગે કાર્યવાહી ચાલુ છે.

● ગાંધીનગરમાંથી ગૌમાસનો કેટલો જથ્થો પકડાયો ?

વિરમગામ ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલે અમદાવાદ અને ગાંધીનગરમાંથી પકડાયેલા ગૌમાંસના જથ્થા અંગે કરેલા પ્રશ્નના જવાબમાં જાણવા મળ્યુ છે કે બે વર્ષમાં અમદાવાદમાંથી કુલ ૬૯૦૨૭ કિલો ગૌમાસ અને ગાંધીનગર જિલ્લામાંથી બે વર્ષમાં કુલ ૩૫૭૫ કિલો ગૌમાંસ પકડાયું છે.

● બે વર્ષમાં એસીબીમાં કેટલા અધિકારી-કર્મચારી પકડાયા ?

આંકલાવ ધારાસભ્ય અમિત ચાવડાએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં એસીબી દ્વારા કુલ કેટલા ગુના નોંધવામાં આવ્યા અને તે પૈકી સરકારી કર્મચારી-અધિકારીઓ સામે કેટલા ? તે અંગે પ્રશ્ન કર્યો હતો. વર્ષ-૨૦૧૫માં ૩૦૫ ગૂના અને ૨૦૧૬માં કુલ ૨૫૮ એસીબીના ગુના નોંધાયા છે. તે પૈકી વર્ષ ૨૦૧૫માં ૫૮ અધિકારી, ૨૯૪ કર્મચારી મળીને ૩૫૨ સામે અને વર્ષ ૨૦૧૬માં ૬૩ અધિકારી, ૨૪૮ કર્મચારી મળીને કુલ ૩૧૧ સરકારી અધિકારી-કર્મચારીઓ સામે એસીબી ટ્રીપ થઈ હતી.